જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૧/૧૨/૨૦૨૦  સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-  સમાચાર યાદી નં.૨૧૯૮/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૦/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૦૧૦ | ૮ | ૧૧૦૧૮ | ૧૭૧૫૦ | ૧૧ | ૧૭૧૬૧ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૭૪ | ૫ | ૪૬૭૯ | ૬૧૯૭ | ૫ | ૬૨૦૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૨ | ૦ | ૬૨ | ૨૫૮ | ૨ | ૨૬૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૨૧૨૧ | ૨૯૪ | ૨૨૪૧૫ | ૨૩૩૧૭ | ૨૬૫ | ૨૩૫૮૨ |
| કુલ | | ૩૭૮૬૭ | ૩૦૭ | ૩૮૧૭૪ | ૪૬૯૨૨ | ૨૮૩ | ૪૭૨૦૫ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૭૧ | ૧૬,૨૨,૫૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૯૫૨ | ૩૯,૫૨,૦૦૦/- |

# ગુમ થયેલ માનસીક અસ્થિર બાળકના માતાપિતાનો મિલાપ

## સાબરમતી પોલીસ સ્ટેશન

### માનસીક અસ્થીર સગીર બાળકના વાલીને શોધી કાઢી પરત સોંપતી સાબરમતી પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તરફથી ગુમ થયેલા બાળકોને શોધી કાઢવા માટેની કામગીરી અસરકારક રીતે અને સંવેદનશીલતા સાથે કરવા માટે સુચના આપવામાં આવેલ જે આધારે સાબરમતી પોલીસ સ્ટેશનના સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી દ્વારા પો.સ્ટે.ના તમામ સ્ટાફને આવા બનાવોમાં તુરંત પ્રતિક્રિયા આપી કામ કરવા જણાવેલ હોય અને તા.૨૦/૧૨/૨૦૨૦ ના રોજ રાત્રીના ૦૦/૧૦ વાગે પોલીસ કંટ્રોલ રૂમ તરફથી એક બાળક ભુલો પડેલ હોય અને સાબરમતી અચેર ખાતે મળી આવેલ હોય જે મેસેજ આધારે સાબરમતીની પી.સી.આર. અને ઇન્વે. સ્ટાફ સ્થળ ઉપર પહોંચેલ અને બાળકને પો.સ્ટે. લાવી બાળક ભુખ્યુ હોય જમાડી પાણી પીવડાવી વિશ્વાસમાં લઇ પુછપરછ કરતા બાળક માનસીક અસ્થીર હોવાનું જણાયેલ અને તેનીએ ઉંમર આશરે ૧૨ થી ૧૩ વર્ષ હોવાનું જાણવા મળેલ અને તેના જમણા હાથ ઉપર તેની માતાનું નામ અને મોબાઇલ નંબર લખેલ હોય જે નંબર ઉપર સંપર્ક કરતા એક મહિલાએ ફોન ઉપાડેલ અને " આ બાળક તેઓનું હોવાનું અને માનસીક અસ્થીર હોય ૧૯/૧૨/૨૦૨૦ના સાંજના સમયે ક્યાંક જતો રહેલ હોવાનું અને તેની શોધખોળ કરતા હોવાનું જણાવેલ" તેઓનું સરનામું પુછતા હેલમેટ સર્કલ પાસે આવેલ કાચા છાપરામાં રહેતા હોવાનું જણાવતા સેકન્ડ પો.ઇન્સ. શ્રી એ.એલ.મહેતા નાઓએ રાત્રી કરફ્યુનો સમય હોય સાબરમતી પોલીસ સ્ટેશનનાં સરકારી વાહનમાં પોલીસ સ્ટાફ સાથે સગીર બાળકને તેની માતાએ જણાવેલ સરનામે મોકલી આપેલ અને પોલીસ સ્ટાફે સગીર બાળકના માતા-પિતાને શોધી કાઢી જરૂરી ખાતરી કરી બાળક તેના માતા-પિતાને સોંપેલ છે.

આમ અમદાવાદ શહેર પોલીસે સંવેદનશીલ અભિગમ દાખવી રાત્રી કરફ્યુનો સમયમાં એક માનસીક અસ્થીર સગીર બાળકના વાલી-વારસને શોધી કાઢી બાળક તેમને સોંપી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૨૦/૧૨/૨૦૨૦

### સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :

**(૧) સેકન્ડ પો.ઇન્સ. શ્રી એ.એલ.મહેતા (૨)** ASI **બળવંતભાઇ પોપટભાઇ બ.નં.૭૭૧૪ (3)** PC **કનૈયાલાલ સંતબક્ષ બ.નં.૯૫૬૪ (૪)** PC **વિજયસિંહ બળવંતસિંહ બ.નં.૬૧૩૧ (૫)** LR **રજતકુમાર ભરતભાઇ બ.નં.૧૨૭૯૯ (૬)** WLR **કુ.અસ્મીતાબેન નવઘણભાઇ બ.નં.૧૦૭૧૨ (૭)** ASI **હર્ષદકુમાર ચંદુલાલ બ.ન. ૪૮૪૯ (૮)** WLR **તારાબેન ડાહ્યાભાઇ બ.નં.૧૦૮૦૭ (૯)** LR **સાજનકુમાર અશોકજી બ.નં.૧૧૪૧૮ (૧૦)** HC **કિશોરસિંહ ભેરુસિંહ બ.નં.૮૨૯૨ (૧૦)** LR **સેંધાજી ઇશ્વરજી બ.નં.૧૦૧૫૩ (૧૧)** AHC **દશરથસિંહ રામસિંહ બ.નં.૨૨૪૮ (૧૩)** ASI **બાબુભાઇ મોહનભાઇ બ.નં.૪૮૪૯ (૧૪)** PC **કાનજીભાઇ સચજીભાઇ બ.નં.૩૨૬૬**

# <u>ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>પી.સી.બી.</u>

## <u>ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાથી વિદેશી દારૂની બોટલ નંગ-૬૦ કિ.રૂ. ૨૬,૬૪૦/ સાથે કુલ રૂપિયા ૭૭,૩૫૦/- મુદામાલ ઝડપી પાડતી પી.સી.બી.</u>

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે સુચના આધારે પીસીબી ઈન્ચાર્જ પો.સબઈન્સ. શ્રી એ.ડી.ચાવડા નાઓ માર્ગદર્શન હેઠળ તા.૨૧.૧૨.૨૦૨૦ ના રોજ સ્ટાફના મસઈ ધનરાજસિહ માનસિહÊ અહેકો જામસિહ રણુભા, અહેકો મહેન્દ્ર વાસુદેવભાઇ, અહેકો દીપનારાયણ રાજનારાયણ  વિગેરે માણસો સાથે પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો જામસિહ રણુભા નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે ઓઢવ, તક્ષશીલા સ્કુલ રોડ, શીતલ છાયા સોસાયટી સામે જાહેર રોડ ઉપરથી આરોપી ધીરજ નારાયણસિંહ ચૌહાણ રહે.મ.નં.એ/૧૭, ગોકુલનગર સોસાયટી, જડેશ્વર મહાદેવ પાસે, આદિનાથનગર, ઓઢવ, અમદાવાદ શહેર નાને વગર પાસ પરમીટના ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો નંગ ૬૦ કિ.રુ.૨૬,૬૪૦/- મોબાઈલ ફોન નંગ-૧ કિ. રૂ.૫૦૦/ તથા રોકડા નાણા રૂ. ૨૧૦/ તથા ઓટો રિક્ષા નંબર GJ-01-DU-6913 કિ.રૂ.૫૦,૦૦૦/ મળી કુલ્લે કિંમત રૂ.૭૭,૩૫૦/- નો મુદામાલ પકડી પાડી આ કામે ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કરી તેઓ વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી ઓઢવ પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૩૭૨૦૧૪૦૪/૨૦૨૦ પ્રોહિ એક્ટ કલમ ૬૬(બી),૬૫(એ)(ઈ),૧૧૬બી),૯૮(૨),૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

<u>પકડાયેલ આરોપી :</u>

ધીરજ નારાયણસિંહ ચૌહાણ રહે.મ.નં.એ/૧૭, ગોકુલનગર સોસાયટી, જડેશ્વર મહાદેવ પાસે, આદિનાથનગર, ઓઢવ, અમદાવાદ શહેર

<u>નહી મળી આવેલ વોન્ટેડ આરોપીઓ  :</u>

(૧) સુરેશ અનંતરામ ગોસ્વામી રહે.દીપાલીનગર શેઠ આર.સી.સ્કુલની બાજુમા ઓઢવ અમદાવાદ
(૨) જીતુભાઈ શીવાભાઈ  પંચાલ રહે. ઓઢવ અમદાવાદ
(૩) હિતેષ મારવાડી જેનુ પુરુ નામ સરનામુ મળેલ નથી

<u>ગુનાની જગ્યા</u> :

ઓઢવ, તક્ષશીલા સ્કુલ રોડ, શીતલ છાયા સોસાયટી સામે જાહેર રોડ ઉપરથી

## પકડાયેલ મુદામાલ :

(૧) ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો નંગ ૨૬ કિ.રુ.૨૬,૬૪૦/Ê  (૨) મોબાઈલ ફોન નંગ-૧ કિ. રૂ.૫૦૦/ (૩) રોક્ડા નાણા રુ.૨૧૦/ (૪) ચાદર નંગ ૫ કિ.રુ.૦૦ (૫) પ્લાસ્ટીક ના કેરેટ નંગ ૫ કિ.રુ.૦૦ (૬) ઓટો રિક્ષા નંબર GJ-01-DU-6913 કિ.રૂ.૫૦,૦૦૦/ મળી કુલ્લે રૂ. ૭૭,૩૫૦/- ની મતાનો મુદામાલ



# પાસા અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન (૧)

## પ્રોહીબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ"

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ નરોડા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૨૪૮૪/૨૦૨૦ પ્રોહી એકટ કલમ ૬૬(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી),૯૮(૨),૮૧ મુજબનો ગુના દાખલ થયેલ જે આધાર રેકર્ડ તૈયાર કરી આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/ ૧૩૬૬/૨૦૨૦ તા-૨૦/૧૨/૨૦૨૦ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૨૦/૧૨/૨૦૨૦ ના કલાક ૨૨/૧૫ વાગે પાસા હુકમની કાયદેસર બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૨૦/૧૨/૨૦૨૦

## આરોપીનુ નામ -

રવિન્દર ઉર્ફે પલવીન્દર સિલકરામ જાટ ઉ.વ.૪૫ રહે:એ/૧૦૬,નરોડા સ્માર્ટ સીટી-03, હંસપુરા ગામ,નરોડા, અમદાવાદ શહેર મુળ રહે: સમરાડા, તા.ઇસરાના,જી.પાનીપત, હરીયાણા

## કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ.એ.એમ.પટેલ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો. ખુમાનસિંહ નાનુભા તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા અ.લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭



## નરોડા પોલીસ સ્ટેશન (૨)

## પ્રોહીબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ"

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૫૫૦૩/૨૦૧૯ પ્રોહી એકટ કલમ ૬૫(ઇ), ૧૧૬(બી), ૯૮(૨) મુજબનો ગુના દાખલ થયેલ જે આધાર રેકર્ડ તૈયાર કરી આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/ ૧૩૬૭/૨૦૨૦ તા-૨૦/૧૨/૨૦૨૦ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૨૦/૧૨/૨૦૨૦ ના કલાક ૨૨/૪૦ વાગે પાસા હુકમની કાયદેસર બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી લાજપોર સુરત જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૨૦/૧૨/૨૦૨૦

### આરોપીનુ નામ -

નરેશભાઇ નાથુલાલ અસારી ઉ.વ.૪૦ રહે:ગામ બ્રાહ્મણ બરોઠી નાનકીપાદરી તા.ખેરવાડા જી.ઉદેપુર રાજસ્થાન

### કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ.એ.એમ.પટેલ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો. ખુમાનસિંહ નાનુભા તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા અ.લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭



**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૯૯/૨૦૨૦</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૪ કેસ કરી, ૫૯ વ્યક્તિઓને ઝડપી, ૩૦૯ લીટર દેશી દારૂ, ૬૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૨,૨૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૦૦/૨૦૨૦</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૦૧/૨૦૨૦</u>**

**કૃષ્ણનગરઃ** દેવકી વા/ઓ વિનયકુમાર ચૌરસીયા (ઉ.વ.૨૬) (રહે. ગંગાનગર ઠકકરનગર) એ તા.૨૦/૧૨/૨૦૨૦ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૨/૨૦૨૦ ના રોજ દેવકી ચૌરસીયાના મોબાઈલ પર મોબાઇલ નંબર ૯૩૫૨૩૧૩૭૩૫ ના ધારક સંદીપકુમાર નામ જણાવી ૧૦ ટી-શર્ટનો ઓર્ડર આપેલ અને ઓનલાઇન પેમેન્ટ મોબાઈલ નંબર-૭૦૭૬૯૩૫૧૩૧ ના ધારક અશોકકુમાર કરશે તેમ કહી વિશ્વાસમાં લઇ દેવકી ચૌરસીયાના પતિના મોબાઇલ નંબર મેળવી મોબાઈલમાં અલગ-અલગ રકમના ક્યુ.આર.કોડ મોકલી સ્કેન કરાવી દેવકી ચૌરસીયા અને દેવકી ચૌરસીયાના બહેનના ખાતામાંથી કુલ રૂપિયા ૩૨,૬૦૦/- તેઓના ખાતામાં ટ્રાન્સફર કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.આર.પટેલ ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૦૨/૨૦૨૦</u>**

**નરોડાઃ** શક્તિદાન ઉદેસંગભાઇ ગઢવી (રહે. ગામ-ઝારીયાળા તા.લીંબડી જી.સુરેન્દ્રનગર) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૨/૨૦૨૦ રાતના ૨/૦૦ થી સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન કોરલ બંગલો મકાન નંબર-૧૪ ખાતે રહેતા શક્તિદાન ગઢવીના સબંધીના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણ્યા બે પુરૂષ ઘરમાં પ્રવેશ કરી તીજોરીના ડ્રોઅરમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/-, ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧૨,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.જી કામળીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૦૩/૨૦૨૦**

**રિવરફ્રંટ વેસ્ટ**ઃ ફૈઝલખાન સ/ઓ સલીમખાન પઠાણ (ઉ.વ.૨૦) (રહે. ગોલ્ડન પાર્ક બેરલ માર્કેટ દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૨/૨૦૨૦ કલાક ૧/૩૦ વાગ્યા પહેલા ખોડીયારનગરબ્રીજ નીચે નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિરેન્દ્રસિહ રણજીતસિહ ચલાવે છે.

**શહેરકોટડા**ઃ કનૈયા ચેનરામ (ઉ.વ.૨૦) (રહે. મણીલાલ મફતલાલની ચાલી બુધ્ધનગર સોસાયટી સામે નરોડા રોડ) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૨/૨૦૨૦ રાતના ૮/૦૦ થી તા.૨૦/૧૨/૨૦૨૦ સવારના ૪/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી. રીતેશકુમાર ગોવિંદભાઇ ચલાવે છે.

**નારોલ**ઃ પુનભાઈ ઉદાભાઈ ખાંટ (ઉ.વ.૩૦) (રહે. ઉમંગ ફ્લેટ સનરાઈઝ હોટલ પાછળ નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૨/૨૦૨૦ સાજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી.રવિન્દ્રસિહ ભગવતસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી